-: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું :-

નં.ડીએમ/દિવાળી/૧૭૧૦/૨૦૨૨.
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા. ૨૫/૧૦/૨૦૨૩

વંચાણે લીધા :-

૧) નામ.સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન (સીવીલ) નં.૭૨૮/૨૦૧૫ સબંધમાં તા.૨૩/૧૦/૧૮, ૩૦/૧૧/૧૮ અને તા.૩૧/૧૦/૧૮ થી આપેલ સુચનાઓ તથા માર્ગદર્શિકાઓ.
૨) ગુજરાત સરકારશ્રી, ગૃહવિભાગના પત્ર નં.વિ.૨/ઈએસએ/૧૩/૨૦૧૫/જીઓઆઈ-૧૧૨, તા.૦૩/૧૧/૧૮.
૩) ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના પત્રનં.વિ.૨/ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઈ-૧૧૨ તા.૧૩/૧૦/૨૩.

**હુકમ :-**

તહેવારો દરમ્યાન જાહેરમાં ફટાકડા ફોડવાથી પર્યાવરણ અને જાહેર આરોગ્યને થતી અસર સંબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન (સીવીલ) નં.૭૨૮/૨૦૧૫ અન્વયે વંચાણ-(૧) માં દર્શાવેલ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તા.૨૩/૧૦/૧૮, તા.૩૦/૧૦/૧૮ અને તા.૩૧/૧૦/૧૮ ના હુકમથી કેટલીક સ્પષ્ટ સુચનાઓ તથા માર્ગદર્શિકાઓ આપેલ છે. નામ.સુપ્રિમ કોર્ટના વિગતવાર હુકમો સુપ્રિમ કોર્ટની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ છે સદરહુ હુકમોનું ચુસ્તપણે પાલન થાય અને તેના અમલીકરણ થાય માટે વંચાણ-(૨) તથા (૩) માં દર્શાવેલ સરકારશ્રીના ગૃહવિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ છે. તેના અમલીકરણ માટે તથા આગામી દિવાળીના તહેવારો દરમિયાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે જામનગર જિલ્લામાં ફટાકડા ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

જેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ જામનગર જિલ્લાની હદ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવું છું કે,

**-:: કૃત્યો ::-**

(૧) દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રે ૨૦:૦૦ થી ૨૨:૦૦ કલાક સુધી જ ફોડી શકાશે.

(૨) સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) **(Joint firecrackers, Series Crackers or Laris)** થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતિ હોવાથી તે રાખી શકાશે નહી, ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકશે નહી.

(૩) હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર **PESO (Petroleum & Explosives Safety Organization)** સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર (Decibel Level) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોકસ ઉપર PESO થી સુચના પ્રમાણેનું માર્કિંગ હોવુ જરૂરી છે.

(૪) હોસ્પીટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવે છે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

(૫) કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

(૬) ઈ-કોમર્સ વેબસાઈટ ફલીપકાર્ટ, એમેઝોન સહીતની કોઈપણ ઈ-કોમર્સ વેબ સાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકાશે નહી કે ઓનલાઈન વેચાણ કરી શકાશે નહી.

(૭) લોકોને અગવડ ઉભી ન થાય કે કોઈપણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે જામનગર જિલ્લાની બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી., બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી.ગેસના સ્ટોરેજ કે અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોડાઉનની નજીક ફટાકડા/દારૂખાનુ ફોડી શકાશે નહી.

(૮) કોઈ પણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/ આતશબાજી બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઈપણ સ્થળે ઉડાળી શકાશે નહી.

(૯) ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓએ કરવાનું રહેશે. આ વેપારીઓએ સુપ્રિમકોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ ના આદેશ મુજબ પરવાનગી આપવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

(૧૦) ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવે છે તથા ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**-: અમલવારીનો સમય :-**

આ જાહેરનામું તા. ૩૦/૧૦/૨૦૨૩ થી તા.૨૮/૧૧/૨૦૨૩ (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**-: વિસ્તાર:-**

આ જાહેરનામું સમગ્ર જામનગર જિલ્લાના વિસ્તારમાં લાગુ પડશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ અન્વયે ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની બજવણી વ્યક્તિગત રીતે કરી શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે તથા જાહેરનામાંની બહોળી પ્રસિધ્ધી જામનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લોકો સહેલાઈથી જોઈ શકે તેવી જગ્યાએ નકલ ચોંટાડીને તેમજ લાઉડ સ્પીકર અને વર્તમાનપત્રો દ્વારા કરાવવા માટે પોલીસ અધિક્ષકશ્રીએ જરૂરી કાર્યવાહી કરાવવાની રહેશે તથા તે અંગેનુ વ્યવસ્થિત રેકર્ડ તેમની કચેરીમાં રાખવાનું રહેશે.

આજ તા.૨૫ માહે: ઓકટોબર-૨૦૨૩ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

Office of the District Magistrate, Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ સવિનય રવાના :-

(૧) નાયબ સચિવશ્રી, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.
(૩) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર
(૪) જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, (તમામ)..........................

નકલ રવાના :-

(૧) કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા, જામનગર.
(૨) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.
(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ
(૫) મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા
(૬) પોલીસ ઈન્સપેકટરશ્રી/પોલીસ સબઈન્સપેકટરશ્રી.............. પો.સ્ટેશન (તમામ)
(૭) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૩ નકલો સાથે)

...સ્થાનીક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

(૮) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

...ઉકત જાહેરનામાંની બે નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

(૯) શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

...ઉકત જાહેરનામાંના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.

(૧૦) આઈ.સી.ટી. ઓફીસરશ્રી,

... ઉકત જાહેરનામાંની આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

(૧૧) સિલેકટ ફાઈલે

District Magistrate